ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

ગુરુવાર ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785


## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલ નગરમાં વિજયાદશમીને પર્વે નદી કિનારે યોજાયું ભવ્ય રાવણ દહન



**કાલોલ :** કાલોલ નગરમાં વિજયાદશમીના પાવન અવસરે કાલોલ નગરપાલિકા દ્વારા નદી કિનારે ભવ્ય રાવણ દહન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમાન આ પર્વની ઉજવણી નિમિત્તે કાલોલ નગર અને તાલુકાભરમાંથી મોટી સંખ્યામાં જનમેદની ઉમટી હતી. આ ભવ્ય કાર્યક્રમમાં કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ હસમુખભાઈ, ઉપપ્રમુખ ગૌરાંગભાઈ, જિલ્લા મંત્રી પરાગ પંડ્યા, માજી પ્રમુખ કમલેશભાઈ પંચાલ, નગરસેવક યુવરાજસિંહ, શહેર પ્રમુખ કલ્પેશભાઈ, તાલુકા પ્રમુખ જયપાલસિંહ રાઠોડ તેમજ સંગઠનના અન્ય હોદ્દેદારો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પ્રથમ સમડીનું પૂજન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

### ચાકલિયા ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા યોગ શિબિર યોજાઇ



**ગોધરા :** ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગરના ખુબ ઉત્સાહિત, પ્રેરણાસ્ત્રોત,માર્ગદર્શક ચેરમેન આદરણીય યોગ સેવક શિશપાલ નાં માર્ગદર્શન દ્વારા તેમજ ઝોન કો- ઓર્ડીનેટર શ્રીમતી પિન્કીબેનની સલાહ મુજબ દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકામા શ્રી કાર્તિક ઔરવ હાઇસ્કૂલ એન્ડ ડો.ગોવિંદસિંહ મિનામાં ઉચ્ચત્તર માધ્યમિક શાળા ચાકલીયા ખાતે યોગ શિબિર યોજવામાં આવી હતી. જેમાં આચાર્ય કે.જે.ડામોરનું ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં પ્રોટોકોલ બૂકથી સ્વાગત જીલ્લા યોગ કો-ઓર્ડીનેટર શ્રી ધુળાભાઇ પારગી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ યોગ કોચ અજયસિંહ કાબા દ્વારા મુનિયાનું સ્વાગત કરાયું હતું.મોટી સંખ્યામાં સ્કૂલનાં સ્ટાફ, તેમજ વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો.

### કાલોલ હાઉસિંગ સોસાયટીમાં દશેરા પર્વે મહિલાઓ દ્વારા પરંપરાગત શસ્ત્રપૂજન કરાયું



**કાલોલ :** કાલોલ હાઉસિંગ સોસાયટી ખાતે યુવક મંડળ દ્વારા આયોજિત ગરબા મહોત્સવ દરમિયાન વિજયાદશમી (દશેરા) પર્વની શ્રદ્ધા, ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે સોસાયટીની મહિલાઓ દ્વારા ગરબા ચોકમાં પરંપરાગત રીત-રિવાજ મુજબ શસ્ત્રપૂજનનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. અસત્ય પર સત્ય અને અધર્મ પર ધર્મના વિજયના પ્રતીકસમા પવિત્ર વિજયાદશમી પર્વે કાલોલ હાઉસિંગ સોસાયટીની બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શસ્ત્રપૂજન કરી સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિની પ્રાચીન પરંપરાને જીવંત રાખી હતી. ગરબા મહોત્સવના પવિત્ર અને ભક્તિમય વાતાવરણ વચ્ચે યોજાયેલા આ પૂજન કાર્યક્રમમાં મહિલાઓમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો.

ગ્રામ પંચાયતથી લઈને શાળા-આંગણવાડી સુધી તપાસ

## સિંગવડમાં DDOની સરપ્રાઈઝ વિઝિટથી તંત્રમાં દોડધામ

15મા નાણાપંચ અને ATVT ના કામોની સ્થળ તપાસ

(પ્રતિનિધી) સિંગવડ, તા.21
દાહોદ જિલ્લા વિકાસ અધિકારી (DDO) દ્વારા આજરોજ સિંગવડ ગ્રામ પંચાયતમાં સરપ્રાઈઝ વિઝિટ કરીને વિવિધ વિકાસ કામો અને સરકારી કચેરીઓની સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

સૌપ્રથમ DDO દ્વારા સિંગવડ ગ્રામ પંચાયત હેઠળ બનેલા 15મા નાણાપંચના કામોની સ્થળ તપાસ કરવામાં આવી હતી. જેમાં ચુંદડી રોડ પર આવેલા લક્ષ્મી એવન્યુમાં નાખેલા પેવર બ્લોક અને ચૌહાણ ફળિયામાં બનેલા આરસીસી રોડની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ



ઉપરાંત ATVT (એટીવીટી) ના કામોની પણ સ્થળ તપાસ કરવા માંગ કરી હતી. સ્થળ તપાસ બાદ DDO સીધા સિંગવડ ગ્રામ પંચાયત કચેરીએ પહોંચ્યા હતા. ત્યાં તેમણે ગ્રામ પંચાયતના દફતરની ઝીણવટભરી તપાસ કરી હતી. કામોના હિસાબો, ઠરાવો, નકશા સહિતની તમામ માહિતી મંગાવીને તેની ચકાસણી કરવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સિંગવડ આંગણવાડી - 1 ની સરપ્રાઈઝ વિઝિટ કરવામાં આવી હતી. બાળકોની હાજરી, પોષણ, રેકોર્ડ અને આંગણવાડીની સુવિધાઓ અંગે માહિતી લીધી હતી. ત્યારબાદ સિંગવડની મુખ્ય પ્રાથમિક શાળાની પણ મુલાકાત લઈને શિક્ષણ કાર્ય, શિક્ષકોની હાજરી અને શાળાની વ્યવસ્થા અંગે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આમ, DDO દ્વારા એક જ દિવસમાં સિંગવડની તમામ સરકારી ઓફિસોની મુલાકાત લઈને માહિતી મેળવવામાં આવતા સમગ્ર તાલુકા પંચાયતની જી-રામજી શાખા સહિતના અધિકારીઓમાં ભારે દોડધામ જોવા મળી હતી.

### રસ્તા, આવાસ, નળ-જળ અને વીજળીના પ્રશ્નો ઉઠ્યા

સિંગવડ તાલુકા સ્વાગત કાર્યક્રમ દાહોદ જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં સિંગવડ મામલતદાર ઓફિસ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં તાલુકાના વિવિધ ગામોમાંથી કુલ 10 અરજદારોએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. આ સ્વાગત કાર્યક્રમમાં સિંગવડ મામલતદાર તાલુકા વિકાસ અધિકારી સિંગવડ મેથાણ આરોડા મોટા આંબલીયા ગામના તલાટી કમ મંત્રીઓ તથા પશુ ડોક્ટર અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાþ સંબંધિત વિભાગોને યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

ટ્રસ્ટી મંડળ દ્વારા યાત્રાળુઓ માટે સુવ્યવસ્થા કરાઇ હતી

## પાવાગઢમાં માઈભક્તોએ માતાજીના જવારા વળાવ્યા

(પ્રતિનિધી) હાલોલ, તા.21
સુપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ પાવાગઢ ખાતે આસો નવરાત્રી ઉત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. નવરાત્રીના નોરતા દરમિયાન નવ દિવસ સુધી સ્થાપિત કરવામાં આવેલા પવિત્ર જવારા અને માતાજીના ગરબા લઈને મોટી સંખ્યામાં ભાવિક ભક્તો મહાકાળી માતાજીના દર્શનાર્થે મંદિર પરિસરમાં પહોંચ્યા હતા. દૂર-દૂરથી આવેલા શ્રદ્ધાળુઓએ ‘જય માતાજી’ અને ‘જય મહાકાળી’ના નાદ સાથે મંદિર પરિસર ગુંજવી મૂક્યું હતું. જવારા અને માતાજીના ગરબા માથે મૂકીને શ્રદ્ધાળુઓએ મા મહાકાળીના ચરણોમાં સીસ નમાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. જેનાથી સમગ્ર પાવાગઢ ડુંગર ભક્તિમય માહોલમાં રંગાઈ ગયો હતો.



આ ધાર્મિક પ્રસંગે પાવાગઢ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પણ વિશેષ રૂપે હાજર રહ્યા હતા. શ્રદ્ધાળુઓને દર્શન કરવામાં કોઈ તકલીફ ન પડે તે માટે મંદિર ટ્રસ્ટ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા દર્શન વ્યવસ્થા, સુરક્ષા અને અન્ય જરૂરી સુવિધાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ શાંતિપૂર્ણ રીતે દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્ર સિંગવડની મુલાકાત લેવાઈ

દર્દીઓને યોગ્ય અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળી રહે તે જરૂરી

(પ્રતિનિધી) સિંગવડ, તા.21
જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સામૂહિક આરોગ્ય કેન્દ્ર સિંગવડની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આરોગ્ય કેન્દ્રમાં દવાઓના સ્ટોક તથા દવાઓની એક્સપાયરી અંગેની માહિતી મેળવવામાં આવી હતી. લેબોરેટરી વિભાગની મુલાકાત લઈ કરવામાં આવતા વિવિધ લેબોરેટરી ટેસ્ટની એન્ટ્રી અંગેની સમીક્ષા કરવામાં આવી હતી.

વધુમાં, IPD અને OPDની HIMS સિસ્ટમમાં એન્ટ્રીની કામગીરી અંગે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. ઈનડોર પેશન્ટને આપવામાં આવતી સારવાર અંગેની માહિતી મેળવવામાં આવી હતી. તેમજ કેન્દ્રમાં થતી ડિલિવરી, ટીબીના કેસો અને મૃત્યુ સંબંધિત વિગતોની માહિતી મેળવવામાં આવી હતી. અંતમાં, જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આરોગ્ય કેન્દ્રની કામગીરીની સમીક્ષા કરી આરોગ્ય સેવાઓની ગુણવત્તા જાળવવા, દવાઓના સ્ટોક અને એક્સપાયરીનું નિયમિત નિરીક્ષણ કરવા, HIMSમાં તમામ એન્ટ્રીઓ સમયસર કરવા તથા દર્દીઓને યોગ્ય અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતા.



ન્યાય માટે પ્રતીક ઉપવાસની ચીમકી

## કાલોલમાં સેટકો કંપની દ્વારા અનુસૂચિત જાતિના ખેડૂતની જમીન પર કથિત ગેરકાયદે કબ્જો

(પ્રતિનિધી) કાલોલ, તા.21
પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના કાતોલ ગામે આવેલી સેટકો ઓટો સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ (Setco Auto Systems Pvt. Ltd.) કંપની દ્વારા અનુસૂચિત જાતિના ખેડૂતની જમીન પર કથિત રીતે ગેરકાયદેસર કબ્જો જમાવી દેવામાં આવ્યો હોવાનો ગંભીર આરોપ સામે આવ્યો છે. સરકારી હુકમથી ખેતી માટે સોંપાયેલી જમીન પર કબ્જો મેળવવા અને ન્યાય મેળવવા માટે પીડિત ખેડૂતે મામલતદાર કચેરી અને પોલીસ સ્ટેશનમાં આવેદન આપી કંપનીના ગેટ સામે ગાંધીચિંધ્યા માર્ગે પ્રતીક ઉપવાસ પર બેસવાની જાણ કરી છે. મળતી માહિતી મુજબ, કાલોલ તાલુકાના કાતોલ ગામના રહીશ વિજયકુમાર છગનભાઈ વણકર (અનુસૂચિત જાતિ) ને મોજે-કાતોલના ખાતા નંબર ૭૪૧ ના રેવન્યુ સર્વે નંબર ૩૫ વાળી જમીન મામલતદાર સાહેબ દ્વારા ખેતી કરવા માટે હુકમથી સુપ્રત કરવામાં આવી છે. પરંતુ આ જમીન પર “સેટકો ઓટો સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ” કંપની દ્વારા કબ્જો જમાવી લેવામાં આવ્યો છે.

પીડિતે અગાઉ પણ તા. ૨૩/૦૯/૨૦૨૬ ના રોજ તંત્રને પત્ર લખીને આ કબ્જો દૂર કરાવવા રજૂઆત કરી હતી. તાજેતરમાં પીડિત ખેડૂત પોતાની જમીન જોવા માટે ગયા ત્યારે કંપનીના સિક્યુરિટી કર્મચારીઓએ તેમને ગેટ પરથી જ પરત મોકલી દીધા હતા અને પોતાની જ જમીનમાં પ્રવેશવા દીધા ન હતા.

સર્કલ મામલતદારની મુલાકાત બાદ પણ સ્થિતિ જસની તસ

મામલાની ગંભીરતાને ધ્યાને લઈ સર્કલ મામલતદારે સેટકો કંપનીની મુલાકાત લીધી હતી. તે સમયે મામલતદાર સાહેબે જણાવ્યું હતું કે કંપની બે દિવસમાં પોતાનો જવાબ રજૂ કરશે. પરંતુ દિવસો વીતી જવા છતાં કંપની તરફથી કોઈ સ્પષ્ટતા કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી. ખેડૂતે કંપની પાસે માલિકીના દસ્તાવેજોની માંગણી કરી હતી, પરંતુ કંપની કોઈ પુરાવા બતાવી શકી નથી.

“ગાંધીના ગુજરાતમાં અંગ્રેજો જેવું શાસન” - અરજદારનો આક્રોશ

અરજદારે પોતાની રજૂઆતમાં આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સરકારી હુકમ હોવા છતાં કંપની દ્વારા અનુસૂચિત જાતિના વ્યક્તિને અન્યાય કરી હેરાન કરવામાં આવી રહ્યા છે.

### વડોદરામાં ૨૩મી ઓક્ટોબરના રોજ રોજગાર અને એપ્રેન્ટીશ ભરતી મેળો યોજાશે

(પ્રતિનિધી) વડોદરા, તા.21
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, રોજગાર અને તાલીમ નિયામક કચેરી હસ્તકની મદદનીશ રોજગાર નિયામક કચેરી, વડોદરા દ્વારા આગામી તા.૨૩.૧૦.૨૦૨૬, શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મદદનીશ રોજગાર નિયામકની કચેરી, પહેલો માળ, આઈટીસી બીલ્ડીંગ, આઈટીઆઈ કેમ્પસ, તરસાલી વડોદરા ખાતે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે. આ ભરતી મેળામા ૧૦૦ થી વધુ જગ્યા માટે સર્વિસ સેક્ટર અને મેન્યુફેક્ચરિંગ, સેલ્સ, ઈન્શોરંશ સેક્ટરની ૦૬ કંપનીના પ્રતિનિધિઓ હાજર રહીને ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેશે. ભરતી મેળામાં ૧૦ પાસ, ૧૨ પાસ, આઇ.ટી.આઇ (ફિટર,ટર્નર), ડીપ્લોમાં મેકેનિકલ, કેમીકલ, ઈલેક્ટ્રીકલ, ગ્રેજ્યુએટ જેવી લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષના પુરુષ અને મહીલા ઉમેદવારો ભાગ લઈ શકશે.

વિવિધ અરજીઓના નિકાલ માટે અધિકારીઓને જરૂરી સૂચનાઓ અપાઇ

## ગોધરા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી) ગોધરા, તા.21
ગોધરા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાગરિકો દ્વારા વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓને લઈને અરજીઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ગેરકાયદેસર બાંધકામ, રસ્તા સંબંધિત સમસ્યાઓ, જાહેર માર્ગો પર લારીઓ દ્વારા કરવામાં આવતા દબાણો, બાંધકામની પરવાનગી મેળવવામાં થતો વિલંબ તેમજ પાણીની પાઈપલાઈન અને રસ્તાનાં



કામ અંગેની ફરિયાદો સહિતના વિવિધ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા.જિલ્લા કલેક્ટર અજય દહિયાએ સંબંધિત અરજીઓની વિગતો જાણી નાગરિકોની રજૂઆતો અંગે જરૂરી કાર્યવાહી કરવા અને પ્રશ્નોના યોગ્ય નિરાકરણ માટે સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. આ પ્રસંગે ફરિયાદો સાથે સંકળાયેલા સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા સ્વાગત કાર્યક્રમના માધ્યમથી નાગરિકોને પોતાની સમસ્યાઓ સીધી વહીવટી તંત્ર સમક્ષ રજૂ કરવાની તક મળી હતી. સાથે જ નાગરિકોની રજૂઆતોના યોગ્ય નિરાકરણ માટે વહીવટી તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## હડફ નદી પર 750 લાખના ખર્ચે બનનાર મેજર બ્રિજનું ખાતમુહૂર્ત



(પ્રતિનિધી) સિંગવડ, તા.21
ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના હુમડપુર ગામે હડફ નદી ઉપર રૂ. 750 લાખના ખર્ચે મેજર બ્રિજ બનાવવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પાણીયા કેશરપુર સ્ટેટ હાઈવેથી ઢબુડી થઈ હુમડપુર નદી ફળીયા રોડના ચે. 0/200 પર મેજર બ્રીજ તથા એપ્રોચ સાથેની આ કામગીરીનું ખાતમુહૂર્ત ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી અને દાહોદના સાંસદ સભ્ય જશવંતસિંહ ભાભોર અને લીમખેડાના ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સીંગવડ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતિ નિરાલીબેન બારીઆ, જિલ્લા પંચાયત સભ્ય અરવિંદભાઈ પટેલ સામાજિક કાર્યકર્તા દિપકભાઈ પરમાર, સીંગવડ તાલુકા ભાજપ પ્રમુખ મહેશભાઈ બારીઆ, મહામંત્રી શૈલેષભાઈ ભુરીયા, મુકુન્દભાઈ મછાર તેમજ આસપાસના ગામોના સરપંચો અને મોટી સંખ્યામાં સંતો મહંતો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બ્રિજનું નિર્માણ થવાથી કેશરપુર, ઢબુડી, હુમડપુર અને આસપાસના ગામોના લોકોને ચોમાસા દરમિયાન પડતી મુશ્કેલીમાંથી રાહત મળશે અને અવરજવર સરળ બનશે.

## યાત્રાધામ પાવાગઢ ખાતે ટ્રાફિક નિયમન માટે આગામી બે માસ સુધી રવિવારે ખાનગી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ

(પ્રતિનિધી) હાલોલ, તા.21
પાવાગઢ ખાતે રવિવારની રજાઓના દિવસોમાં ઉમટતી શ્રદ્ધાળુઓની ભારે ભીડ અને ટ્રાફિકની સમસ્યાને ધ્યાને રાખીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે. જે. પટેલ દ્વારા એક મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ, આગામી બે માસ સુધી તમામ રવિવારે ટ્રાફિક નિયમન માટે ખાસ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. જે અંતર્ગત, તળેટીથી માચી સુધી જવાના રસ્તા પર માત્ર સરકારી એસ.ટી. બસો, સરકારી વાહનો અને પાવાગઢ ગામની કાયમી ટેક્સી પાસિંગ ગાડીઓ જ અવર-જવર કરી શકશે. ખાનગી ભારે અને



હળવા વાહનો માટે માચી ખાતેના પાર્કિંગની ઉપલબ્ધતાને ધ્યાને રાખીને એકસાથે કુલ ૪૫ જેટલા ટોકન વહેલાં તે પહેલાંના ધોરણે જ પ્રવેશ આપવામાં આવશે. જો પાર્કિંગ ફૂલ હશે, તો કોઈપણ ખાનગી વાહનને તળેટીથી ઉપર જવા દેવામાં આવશે નહીં. પ્રવેશબંધીના પોઈન્ટ્સની વાત કરીએ તો, હાલોલ ટીમ્બી ત્રણ રસ્તા, જેપુરા ચોકડી, વડાતળાવ ચોકડી, ઢીંકવા ચોકડી અને ધનકુવા ચોકડીથી પાવાગઢ તરફ પ્રવેશતા ખાનગી ભારે વાહનો પર પ્રતિબંધ રહેશે. તદુપરાંત, પશુઓ દ્વારા ચીજવસ્તુઓ કે માલસામાનનું વહન કરવા પર તેમજ પશુઓ દોરીને જનારાઓ પર માચીથી દુધિયા તળાવ સુધીના રસ્તા પર પ્રતિબંધ રહેશે. આ જાહેરનામું તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૬ સુધીના તમામ રવિવારના દિવસો માટે અમલી રહેશે. જોકે, આ પ્રતિબંધમાંથી આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો, એસ.ટી. બસો, સરકારી ફરજ પરના વાહનો અને આરોગ્ય સેવાઓ (એમ્બ્યુલન્સ) ને મુક્તિ આપવામાં આવી છે. વધુમાં જણાવવામાં આવ્યું છે કે, ખાનગી પાર્કિંગ સંચાલકોએ પાવાગઢ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા નક્કી કરેલા દર કરતા વધુ ચાર્જ વસૂલવો નહીં. તદુપરાંત ખેતીની જમીનો પર થતા ખાનગી પાર્કિંગની જમીનનો કબજેદારોએ જરૂરી પૂર્વ પરવાનગી લેવાની રહેશે.

કામાખ્યા થીમ પર આકર્ષક ફૂલોની રંગોળી

## કાલોલના ડેરોલ ગામમાં દશેરાની ઉજવણી કરાઈ

(પ્રતિનિધી) કાલોલ, તા.21
કાલોલ તાલુકાના ડેરોલગામ ખાતે વિજયાદશમી ના મહાપર્વ નિમિત્તે પરંપરાગત અને આસ્થાના પ્રતિક સમાન ‘માટલીગરબા’નો મહોત્સવ ભારે ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવાયો હતો. દશેરાની આ રઢીયાળી રાત્રે આખા ગામે એક જ કુંડાળે ભેગા થઈને અનેક માટલીગરબા સાથે રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી, જેનાથી સમગ્ર ગામનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.દશેરાના આ પવિત્ર અવસરે ગામમાં વિશેષ આકર્ષણરૂપે



‘યંત્ર કામાખ્યા’ થીમ પર ફૂલોની સુંદર અને ભવ્ય રંગોળી તૈયાર કરવામાં આવી હતી, જેને નિહાળવા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. પોતાની શ્રદ્ધા અનુસાર ગ્રામજનો ૫, ૭, ૧૧, ૨૧, ૫૧ કે ૧૦૧ માટલીગરબા ચઢાવવાની માનતા રાખે છે.

**જાહેર નોટીસ**

મે .એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સંજેલી

પરચુરણ અરજી નં વશી ૬૧/૨૦૨૫ થી ૬૨/૨૦૨૫

અરજદાર રાવત રાકેશભાઈ લાલસીંગભાઈ રહે. પિછોડા તા સંજેલી, જિ દાહોદ

સામાવાળા: જન્મમરણ રજિસ્ટર અને તલાટી કામ મંત્રી પિછોડા તા સંજેલી, જિ દાહોદ

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી જાહેર જનતા ને તેમજ લગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ થી જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત વિષય અરજદાર શ્રી રાવત રાકેશભાઈ લાલસીંગભાઈ તેઓના નામે રાવત વાલીબેન ધીરાભાઈનું મરણ તારીખ ૦૧/૦૫/૨૦૨૨ના રોજ મોજે ગામ પિછોડા તા. સંજેલી જી. દાહોદ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ ગ્રામ પંચાયત પિછોડા ખાતે કરવાની રહી ગયેલ છે. તો આ કામ ના સામાવાળાના નોંધ દફતરે ચડાવીઆપવા સામે કોઈને વાંધા હરકત સરખું હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટ ખાતે હાજર રેહવા મુદ્દત તા.27/07/2025રોજ સવાર 10:00 કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રેહવું. અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તારીખ 27/04/2025ના રોજ મારી સહી થા કોર્ટના સિક્કો કરી આપ્યો.

(સિક્કો)

હુકમથી
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, સંજેલી